# સમાચાર...

## ડીસા સમાચાર

દશા દિશાવળ જ્ઞાતિના કુળદેવી સિદ્ધામ્બિકા માતાના ડીસા ખાતેના નિજ મંદિરમાં વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ અને પૂજા, હવન થતાં રહે છે. 'સ્નેહ-સેતુ' ના દરેક અંકમાં આ વિષેની સંક્ષિપ્ત માહિતી આપ સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ રહેશે. તાજેતરમાં કુળદેવી મંદિર ખાતે આયોજિત માંગલિક પ્રસંગોની માહિતી અત્રે પ્રસ્તુત છે.

- દર વર્ષની પરંપરા મુજબ, પાટણ દશા દિશાવળ વણિક જ્ઞાતિ તરફથી, વૈશાખ સુદ આઠમ (તારીખ ૩ મે, ૨૦૧૭) ના રોજ માતાજીના મંદિરે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. હવન બાદ સાંજે ૬.૩૦ કલાકે માતાજીનો વરઘોડો નીકળ્યો, ત્યારે માતાજીને પોંખી, પૂજાવિધિ કરીને આરતી ઊતારવામાં આવી. શ્રધ્ધાળુ દાતાઓએ યથાશક્તિ ન્યોછાવર આપી, માતાજીની પાલખી, રામણદીવો, ઝારી અને પ્રસાદની સેવાનો લાભ લીધો. વરઘોડા બાદ વલ્લભવાડી ખાતે ભોજન લઈ સૌ આનંદથી વિદાય થયા.
- વૈશાખ સુદ ૧૪, તારીખ ૯ મે, ૨૦૧૭ના રોજ, મુંબઈના શ્રી અમીતભાઈ શાંતિલાલ શાહ પરિવાર તરફથી નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન પરિવારના સભ્યો અને આમંત્રિત મહેમાનોએ દર્શન, પૂજન અને પ્રસાદનો લાભ લઈ, ધન્યતા અનુભવી હતી.
- વૈશાખ સુદ ૧૫, તારીખ ૧૦ મે, ૨૦૧૭ના રોજ, ઊંઝાના શ્રી ધવલભાઈ મોદી તરફથી નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન પરિવાર તથા સ્નેહીજનો મળીને ૧૦૦ વ્યક્તિઓએ પૂજન અર્ચન અને દર્શનનો લહાવો લીધો હતો. વિશેષમાં આ સમગ્ર પ્રસંગ માટે યજમાન ઊંઝાથી રસોઈયા લાવ્યા હતા અને પરિસરમાં જ રસોઈની વ્યવસ્થા કરી હતી. હવનની વેદોક્ત વિધિ માટે સાત્ત્વિક પંડિતો પણ ઊંઝાથી જ આવ્યા હતા.
- વૈશાખ વદ ૩, તારીખ ૧૪ મે, ૨૦૧૭ ના રોજ અમદાવાદના શ્રી ઉપેન્દ્રભાઈ દશરથલાલ શાહ પરિવાર તરફથી સાદા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ થી વધારે માઈ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.
- વૈશાખ વદ ૧૦, તારીખ ૨૧ મે, ૨૦૧૭ ના રોજ શ્રીમતી મીનાબેન બારોટ તરફથી નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલથી આવેલા રસોઈયા સાથે પરિસરમાં રસોઈની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આશરે ૧૦૦ વ્યક્તિઓએ ધર્મલાભ લીધો હતો.
- જેઠ સુદ ૩, તારીખ ૨૮ મે, ૨૦૧૭ ના રોજ અમદાવાદ શ્રી નિરૂભાઈ વિજયલાલ શાહ તરફથી નવચંડી હવન રાખવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ મંગલ પ્રસંગના સહભાગી બન્યા.
- મે, ૨૦૧૭ દરમિયાન શ્રીમતી ઈન્દુમતીબેન સુરેન્દ્રભાઈ નાનાલાલ અતિથિભવનનો ૩૫૯ યાત્રાળુઓએ લાભ લીધો હતો.
- મે, ૨૦૧૭ માં, શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ ભોજનાલય ખાતે, સાદા ભોજનનો કુલ ૫૯૧ યાત્રાળુઓએ તથા મિષ્ટાન્ન ભોજનનો કુલ ૩૮૧ યાત્રાળુઓએ લાભ લીધો હતો.
- મે, ૨૦૧૭ માં માતાજીનાં ભાવિક ભક્તો તરફથી માતાજીને રૂા. ૧,૦૦૦/- થી નીચેની કિંમતની ૪૧ સાડી અંગિકાર કરવામાં આવી હતી.

# SVVP સમાચાર

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (SVVP) વૈષ્ણવજનો માટે સામાજીક સમરસતાનું ભગીરથ કાર્ય કરે છે. SVVP દ્વારા નિયમિતરૂપે જનજાગૃતિ અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ થતી રહે છે. આ નેક અભિયાનના ભાગ રૂપે, SVVP એ 'સ્વજનમિત્ર' અભિયાનનો આરંભ કર્યો છે. ગુજરાતભરના વૈષ્ણવ વણિક પરિવારોને એકસૂત્રે બાંધી, સંગઠિત કરવાના હેતુથી શરૂ કરાયેલા આ મિશનને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. 'સ્વજનમિત્ર' યોજનામાં ગુજરાતભરમાંથી કોઈ પણ વૈષ્ણવ વણિક કુટુંબ યોજનાનું ફોર્મ ભરી, નિઃશુલ્ક જોડાઈ શકે છે. પ્રથમ તબક્કામાં પાંચ લાખથી વધુ વૈષ્ણવ કુટુંબોને જોડવા પ્રયાસ કરવામાં આવશે. હાલમાં SVVP ૧૨૦ થી વધુ ઘટકો અને મંડળો સાથે ૧૫,૦૦૦ જેટલા સભ્યોનું મહામંડળ છે. 'સ્વજનમિત્ર' યોજનાના અમલ પછી SVVP નું સામર્થ્ય અનેક ગણું વધી જશે. સૌ વૈષ્ણવજનોને આ યોજનામાં જોડાવા આગ્રહપૂર્વકની વિનંતી છે.

SVVP દ્વારા વર્ષના આરંભે અમદાવાદ ખાતે સમાજના વિવિધ ઘટકો વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી ૨૪ ટીમોએ ભાગ લીધો હતો. તમામ ટીમો માટે સવારના નાસ્તા અને બપોરના ભોજનની વ્યવસ્થા સંસ્થા અને કમિટિ દ્વારા કરવામાં આવી હતી. ફાઈનલમાં SVVP ગોધરાની ટીમ વિજેતા થઈ, જ્યારે દશા મોઢ ગોભવા જ્ઞાતિ, અમદાવાદની ટીમ બીજા ક્રમાંકે રહી. વિજેતા ટીમને ક્રિકેટ કમિટિના અધ્યક્ષશ્રી યોગેશ પરીખ દ્વારા વિનર્સ ટ્રોફી આપવામાં આવી. સંસ્થાનાં હોદ્દેદારોએ હાજર રહી, ટુર્નામેન્ટ દરમિયાન સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું. SVVP બૃહદમાંથી સર્વ શ્રી કિરીટભાઈ શાહ, દક્ષેશભાઈ, શૈલેશ પટવારી, જયમીન પરીખ, જયેશ પરીખ, ભરતભાઈ મોદી, ભરતભાઈ શેઠ અને અન્યની હાજરીમાં ટુર્નામેન્ટ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પૂરી થઈ.

SVVP લેડીઝ વિંગ, અમદાવાદ દ્વારા ટાઉનહોલ, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે તા. ૨૭/૦૪/૧૭ના રોજ બપોરે ૨ થી ૫ દરમિયાન મેગા હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨૦૦ થી વધુ બહેનોએ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. હાઉસીના કુલ પાંચ રાઉન્ડ દરમિયાન કુલ ૫૧ ઈનામ રાખવામાં આવ્યા હતાં, જેનું મૂલ્ય રૂા. ૨,૮૦૦ થી શરૂ થઈને રૂા. ૫૮,૦૦૦ સુધી હતું. હાઉસીમાં કુલ ૪.૫૦ થી ૫ લાખનાં ઈનામો આપવામાં આવ્યાં. આનંદ અને મનોરંજન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

તા. ૨૮/૦૫/૨૦૧૭ ના રોજ SVVP દ્વારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ખાતે સતત પાંચમી વખત ધોરણ ૧૨ પછીની કારકીર્દિ વિષે માહિતિ અને માર્ગદર્શન આપવા સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યાના મુખ્ય મહેમાનપદે યોજાયેલા આ સેમીનારમાં વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાત વક્તાઓએ સંવાદ અને ઉદ્‌બોધન દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિવિધ વિદ્યાશાખાઓ વિષેની માહિતિ ઉપરાંત, મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ખૂબ પ્રોત્સાહક બની રહ્યું.

આ ઉપરાંત, વર્ષ દરમિયાન SVVP ના વડોદરા, સુરત, ભાવનગર, મુંબઈ, કપડવંજ, નડિયાદ, રાજકોટ, વિસનગર, અમદાવાદ, ગાંધીનગર, પેટલાદ, કાલોલ તથા અન્ય ઘટકો / મંડળ ખાતે વિવિધ સમાજઉપયોગી અને જનચેતનાલક્ષી પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

## શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ સમાચાર...

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા અનેક વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ સમયાંતરે થતી રહે છે. જે પૈકી, આ વર્ષે ત્રણ મહત્ત્વનાં કાર્યક્રમોનું આયોજન નિર્ધારીત થયેલ છે. સૌ પ્રથમ ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ ભુદરપૂરા પાર્ટી પ્લોટ ખાતે નવરાત્રિ ગરબાનો ભવ્ય કાર્યક્રમ . . . ત્યારબાદ સમાજનો સૌથી મોટો અને ભવ્ય કાર્યક્રમ લગ્ન પસંદગી સંમેલનનો છે.૨૪/૧૨/૨૦૧૭, રવિવારે પંડિત દીનદયાળ હોલ ખાતે યોજાનાર આ સંમેલનમાં, દિશાવાળ દીકરા-દીકરીઓ ઉપરાંત તમામ વૈષ્ણવ વણિક જ્ઞાતિઓમાંથી ફોર્મ સ્વીકારવામાં આવી રહ્યાં છે, જેથી લગ્નોત્સુક ઉમેદવારને પસંદગીની વિશાળ તક મળી રહે. સમાજ દ્વારા આવું સંમેલન દર ત્રણ વર્ષે એક વાર યોજાય છે. આ વર્ષે દસમુ સંમેલન ખૂબ જ વિશાળ પાયે યોજાઈ રહ્યું છે. તા. ૧૭/૦૮/૨૦૧૭ ગુરુવારના રોજ સાંજે સાત વાગે સૂચિત સંમેલનના આયોજનની પૂર્વતૈયારીના ભાગ રૂપે રીયો બેન્કવેટ હોલ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજનાં હોદ્દેદારો, કાર્યકરો ઉપરાંત SVVP ના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ અન્ય કારોબારી સભ્યો અને પ્રતિષ્ઠિત મહાનુભાવોએ મીટીંગમાં ઉપસ્થિત રહી, વિગતવાર માહિતી અને સૂચનોનું આદાનપ્રદાન કર્યું. સમાજનો ત્રીજો મહત્વનો ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૧૨/૦૧/૨૦૧૮ ના રોજ ટાગોર હોલ ખાતે યોજાનાર છે.

### શ્રી કડી
### દશા દિશાવાળ
### વણિક ઉત્કર્ષ મંડળ

# ઉજાણી કાર્યક્રમ

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે
આપણી જ્ઞાતિના સ્નેહસંમેલનનો
વાર્ષિક કાર્યક્રમ

**તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૮**
**ના રોજ ભૂદરપૂરા પાર્ટી પ્લોટ**

ખાતે નિર્ધારીત થયેલ છે.

